Tuesday
22.08.2023
✳Volume :8 ✳ Issue No.27
✳Email.:kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor:Mahesh N. Patel:- (98249 10606)

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

# કમલમ્

KAMALAM ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER

To,

✳Managing Editor:Arjun Sondarva ✳Office:A-3, Plot No. R-13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04 ✳Rs. 00.25/- ✳Annual Rs.90/-

# પ્રધાનમંત્રી શ્રીએ મધ્યપ્રદેશ રોજગાર મેળાને સંબોધન કર્યું

## “પીએમ વિશ્વકર્મા યોજના ૨૧મી સદીની જરૂરિયાતો પૂર્ણ કરવા વિશ્વકર્માઓની પરંપરાગત કુશળતાઓ અપનાવવા અને ખીલવવા બનાવવામાં આવી છે”

### “નવી ભરતી થયેલા ઉમેદવારો રાષ્ટ્રીય શિક્ષણ નીતિનાં અમલમાં ચાવીરૂપ ભૂમિકા ભજવશે”

કમલમ્ ન્યુઝ,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ વીડિયો લિંક મારફતે મધ્યપ્રદેશ રોજગાર મેળાને સંબોધન કર્યું હતું. આ પ્રસંગે એકત્ર લોકોને સંબોધન કરીને પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, આજે જે લોકોને નિમણૂકપત્રો મળ્યાં છે તેઓ આ ઐતિહાસિક સમયગાળામાં શિક્ષણની મહત્વપૂર્ણ જવાબદારી અદા કરવા સામેલ થયા છે. લાલ કિલ્લા પરથી દેશનાં વિકાસમાં રાષ્ટ્રીય ચરિત્રની મહત્વપૂર્ણ ભૂમિકા પર વિગતવાર જાણકારી આપતાં પોતાનાં સંબોધન પર પ્રકાશ ફેંકીને પ્રધાનમંત્રીએ ભાર મૂક્યો હતો કે, આજે જે તમામ લોકોને રોજગારીઓ મળી છે તેઓ ભારતની ભવિષ્યની પેઢીઓને ઘડવાની, તેમની માનસિકતાને આધુનિક બનાવવાની અને તેમને એક નવી દિશા આપવાની જવાબદારી ધરાવશે. તેમણે આ રોજગાર મેલા દરમિયાન આજે મધ્યપ્રદેશની પ્રાથમિક શાળાઓમાં નિમણૂક થયેલા ૫,૫૦૦થી વધારે શિક્ષકોને તેમની શ્રેષ્ઠ શુભેચ્છા આપી હતી. પ્રધાનમંત્રીએ એવી જાણકારી પણ આપી હતી કે, છેલ્લાં ૩ વર્ષ દરમિયાન મધ્યપ્રદેશમાં આશરે ૫૦,૦૦૦ શિક્ષકોની ભરતી થઈ છે અને હું આ સીમાચિહ્નરૂપ સિદ્ધિ બદલ રાજ્ય સરકારને અભિનંદન આપું છું. નવા ભરતી થયેલા શિક્ષકો વિકસિત ભારતનાં સંકલ્પને સિદ્ધ કરવામાં

**“વર્તમાન સરકાર પ્રાદેશિક ભાષાઓમાં અભ્યાસક્રમની પુસ્તકો પર ભાર મૂકે છે”**

વિશાળ પ્રદાન ધરાવતી રાષ્ટ્રીય શિક્ષણ નીતિના અમલમાં ચાવીરૂપ ભૂમિકા ભજવશે એવો અભિપ્રાય વ્યકત કરીને પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં આધુનિકતા બાબતો જેટલું જ મહત્વ પરંપરાગત જ્ઞાન અને ભવિષ્યની ટેકનોલોજીને આપવામાં આવ્યું છે. તેમણે ઉલ્લેખ કર્યો હતો કે, જયારે પ્રાથમિક શિક્ષણનાં ક્ષેત્રમાં નવો અભ્યાસક્રમ તૈયાર પણ કરવામાં આવ્યો છે, ત્યારે સાથે સાથે માતૃભાષામાં શિક્ષણ આપવા સંબંધિત પ્રગતિ થઈ છે. અંગ્રેજી ભાષાની જાણકારી ન ધરાવતા વિદ્યાર્થીઓને માતૃભાષામાં શિક્ષણ ન મળવાથી થઈ રહેલા મોટા અન્યાય વિશે પ્રધાનમંત્રીએ જાણકારી આપી હતી કે, હવે વર્તમાન સરકારે પ્રાદેશિક ભાષાઓમાં અભ્યાસક્રમનાં પુસ્તકો પર ભાર મૂક્યો છે, જે દેશની શૈક્ષણિક વ્યવસ્થામાં મોટું પરિવર્તન લાવવાનો પાયો બની જશે. પ્રધાનમંત્રીએ અમૃતકાળનાં પ્રથમ વર્ષમાં બે સકારાત્મક સમાચારોનો ઉલ્લેખ કરીને કહ્યું હતું કે, “જયારે નિર્ણયો સકારાત્મક અભિગમ, યોગ્ય ઈરાદા અને સંપૂર્ણ પ્રામાણિકતા સાથે લેવાઈ



**“સિસ્ટમમાંથી ભ્રષ્ટાચાર દૂર થવાથી સરકાર ગરીબોનાં કલ્યાણ પર વધારે ખર્ચ કરવા સક્ષમ બની છે”**

રહ્યાં છે, ત્યારે સંપૂર્ણ વાતાવરણ સકારાત્મક થઈ ગયું છે.” આ બે સકારાત્મક સમાચારો છે – એક, ગરીબીમાં ઘટાડો અને બે, દેશમાં સમૃદ્ધિમાં વધારો. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, પ્રથમ સકારાત્મક સમાચાર નીતિ આયોગના અહેવાલમાંથી પ્રાપ્ત થયા છે, જે મુજબ, ફક્ત ૫ વર્ષમાં ભારતમાં ૧૩.૫ કરોડ ભારતીયો ગરીબીની રેખામાંથી બહાર આવી ગયા છે. પ્રધાનમંત્રી બીજા સકારાત્મક સમાચાર પર પ્રકાશ ફેંકવા અન્ય એક અહેવાલ વિશે વાત કરી હતી, જેમાં ચાલુ વર્ષમાં ફાઈલ થયેલા આવકવેરાનાં રિટર્નનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. આ વિશ્લેષણ મુજબ, છેલ્લાં ૯ વર્ષ દરમિયાન લોકોની સરેરાશ આવકમાં વધારો થયો છે. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, આવકવેરા રિટર્ન (ITR)નાં આંકડા મુજબ, વર્ષ ૨૦૧૪માં સરેરાશ આવક આશરે રૂ.૪ લાખ હતી, જે વર્ષ ૨૦૨૩માં વધીને રૂ.૧૩ લાખ

### “જયારે સકારાત્મક અભિગમ, યોગ્ય ઇરાદા અને સંપૂર્ણ પ્રામાણિક્તા સાથે નિર્ણયો લેવાય છે, ત્યારે સંપૂર્ણ વાતાવરણ સકારાત્મક બની જાય છે”

થઈ હતી. તેમણે ઉમેર્યું હતું કે, ઓછી આવક ધરાવતા ગ્રૂપમાંથી ઉચ્ચ મધ્યમ વર્ગ (વધારે આવક ધરાવતો મધ્યમ વર્ગ)માં પ્રવેશ કરનાર લોકોની સંખ્યામાં પણ વધારો થયો છે. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, આ આંકડા રોજગારીની તકોમાં વધારો અને ઉત્સાહમાં વધારા સાથે દેશનાં દરેક ક્ષેત્રની ક્ષમતામાં વધારાની ખાતરી આપે છે. આવકવેરાનાં રિટર્ન સાથે સંબંધિત નવા આંકડાંનો સંદર્ભ ટાંકીને પ્રધાનમંત્રીએ નોંધ્યું હતું કે, તેમની સરકારમાં દેશના નાગરિકોને વિશ્વાસ સતત વધી રહ્યો છે. તેમણે કહ્યું હતું કે, આ વિશ્વાસને બળે જ નાગરિકો પ્રામાણિક્તા સાથે તેમનો કરવેરો અદા કરવા માટે મોટી સંખ્યામાં આગળ આવી રહ્યાં છે, કારણ કે તેઓ જાણે છે કે, તેમનાં કરવેરાનો એક-એક પૈસો દેશનાં વિકાસ માટે ખર્ચ થઈ રહ્યો છે અને તેમને આનો પુરાવો આ બાબતમાં પણ મળે છે કે, વર્ષ ૨૦૧૪માં દેશનું અર્થતંત્ર દુનિયામાં ૧૦મું સૌથી મોટું હતું, જે અત્યારે પાંચમું સૌથી મોટું બની ગયું છે. પ્રધાનમંત્રીએ એ બાબત પર ધ્યાન દોર્યું હતું કે, દેશનાં નાગરિકો વર્ષ ૨૦૧૪ અગાઉનાં યુગને ન ભૂલી શકે, જેમાં કૌભાંડો અને ભ્રષ્ટાચારોથી દેશની છબી આંતરરાષ્ટ્રીય સ્તરે ખરડાઈ હતી તથા ગરીબોના અધિકારો પણ તેમને મળે એ અગાઉ છીનવાઈ જતાં હતાં. તેમણે ઉમેર્યું હતું કે, “અત્યારે ગરીબોને તેમના અધિકારોને દરેક રૂપિયો તેમનાં ખાતામાં સીધો જમા થઈ જાય છે.” પ્રધાનમંત્રીએ નોંધ્યું હતું કે, સિસ્ટમમાંથી ભ્રષ્ટાચાર થતો અટકવાને પગલે સરકાર ગરીબોના કલ્યાણ પર ખર્ચ વધારવા સક્ષમ બની હતી. તેમણે એ બાબત પણ પર ભાર મૂક્યો હતો કે, આટલાં મોટાં પાયે રોકાણ થવાથી દેશનાં દરેક ખૂણે રોજગારીની તક ઊભી થઈ છે અને આ માટે તેમણે કોમન સર્વિસ સેન્ટર (સામાન્ય સેવા કેન્દ્ર)નું ઉદાહરણ ટાંક્યું હતું. તેમણે માહિતી આપી હતી કે, વર્ષ ૨૦૧૪ પછી અત્યાર સુધી ગામડાંઓમાં ૫ લાખ નવા કોમન સર્વિસ સેન્ટર્સ સ્થાપિત થયા છે અને આ પ્રકારનું દરેક સેન્ટર અત્યારે ઘણાં લોકોને રોજગારી પ્રદાન કરે છે. તેમણે ઉમેર્યું હતું કે, “આ કેન્દ્રો ગરીબો અને ગ્રામીણજનોનાં કલ્યાણ માટે છે તથા રોજગારીની તકોનું સર્જન પણ કરે છે.” પ્રધાનમંત્રીએ ભાર મૂક્યો હતો કે, અત્યારે દૂરગામી નીતિઓ અને નિર્ણયો સાથે શિક્ષણ, કૌશલ્ય વિકાસ અને રોજગારીનાં ક્ષેત્રમાં કામગીરી થઈ રહી છે. સ્વતંત્રતા દિવસ પર પોતાનાં સંબોધન દરમિયાન લાલ કિલ્લા પરથી પીએમ વિશ્વકર્મા યોજનાની જાહેરાતનો ઉલ્લેખ કરીને પ્રધાનમંત્રીએ કહ્યું હતુ કે, યોજના આ વિઝનનું પ્રતિબિંબ છે. તેમણે જણાવ્યું હતું કે, પીએમ વિશ્વકર્મા યોજના ૨૧મી સદીની જરૂરિયાતો પૂર્ણ કરવા વિશ્વકર્માઓની પરંપરાગત કુશળતાઓને અપનાવવા ઘડવામાં આવી છે. શ્રી મોદીએ જાણકારી આપી હતી કે, આ યોજના પર આશરે ૧૩ હજાર કરોડ રૂપિયાનો ખર્ચ થશે અને એનાથી જુદી જુદી ૧૮ પ્રકારની કુશળતાઓ સાથે સંકળાયેલા લોકોને ફાયદો થશે. પ્રધાનમંત્રીએ ભાર મૂક્યો હતો કે, આ યોજનાથી સમાજનાં એ વર્ગને લાભ થશે, જેમનાં મહત્વની ચર્ચા થતી હતી, પણ તેમની સ્થિતિ સુધારવા અત્યાર સુધી કોઈ સંકલિત અને નક્કર પ્રયાસ થયો હતો. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, વિશ્વકર્મા યોજના અંતર્ગત તાલીમની સાથે આધુનિક સાધનસામગ્રીઓની ખરીદી કરવા લાભાર્થીઓને વાઉચર્સ પણ આપવામાં આવશે. તેમણે ઉમેર્યું હતું કે, “પીએમ વિશ્વકર્મા મારફતે યુવા પેઢીને તેમની કુશળતાઓ વધારવા વધારે તકો મળશે.” પ્રધાનમંત્રીએ તેમનાં સંબોધનનું સમાપન કરતાં જણાવ્યું હતું કે, આજે શિક્ષક બનેલા યુવાનો મહેનત કરીને અહીં સુધી પહોંચ્યા છે. તેમણે આ શિક્ષકોને પણ તેમની શીખવાની પ્રક્રિયા જાળવી રાખવાની અપીલ કરી હતી. તેમણે સરકારે તૈયાર કરેલાં ઓનલાઇન લર્નિંગ પ્લેટફોર્મ - IGoT કર્મયોગી વિશે વાત કરીને ભરતી થયેલા ઉમેદવારોને આ સુવિધા અજમાવવા અને એનો મહત્તમ લાભ લેવા અપીલ કરી હતી.



કમલમ્ ન્યુઝ,

ગાંધીનગર ઉત્તર વિધાનસભાના ધારાસભ્યશ્રી રીટાબેન પટેલના જન્મદિવસની ઉજવણી વિવિધ સેવાકીય કાર્યો થકી કરવામાં આવી. આ સેવા કાર્યોમાં મેયરશ્રી હિતેશભાઈ મકવાણા સહભાગી બનીને બાળગૃહમાં નાસ્તાનું વિતરણ, સિવિલ હોસ્પિટલમાં બાળકો અને સગર્ભા માતાઓને ફ્રૂટ વિતરણ, નિઃશુલ્ક આહાર કેન્દ્રમાં તેમજ સમર્પણ મુક બધિર શાળામાં ભોજન વિતરણ કર્યું હતું. આ વેળાએ શહેર અધ્યક્ષશ્રી રુચિરભાઈ ભટ્ટ, ડે.મેયર શ્રી પ્રેમલસિંહ ગોલ, શહેર મહામંત્રીશ્રીઓ, કાઉન્સિલરશ્રીઓ, હોદેદારશ્રીઓ, સામાજિક - રાજકીય અગ્રણીઓ તેમજ મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ઉત્તર ગુજરાતના પાંચ યાત્રાધામો સૌર ઊર્જા સંચાલિત બન્યા

કમલમ્ ન્યુઝ, મહેસાણા,

ભગવાન શિવની પૂજા-અર્ચના કરવા માટેના શ્રેષ્ઠ એવા પવિત્ર શ્રાવણ માસનો આજે પ્રથમ સોમવાર છે. ત્યારે ગુજરાતના મંદિરોમાં આજે ભક્તિમય માહોલ જોવા મળ્યો છે. ગુજરાતના મંદિરો જેટલા સમૃદ્ધ છે, એટલા જ સુવિધાના મામલે આગળપડતા છે. ગુજરાતના મંદિરોમાં વર્લ્ડ કલાસ સુવિધાઓ પણ જોવા મળે છે. જે આશ્ચર્ય પમાડે. ત્યારે આ માહિતી બહુ ઓછા ભક્તોને ખબર હશે કે, ઉત્તર ગુજરાતના ૫ પ્રસિદ્ધ યાત્રાધામો સૌર ઊર્જા સંચાલિત છે. બહુચરાજી, અંબાજી, શામળાજી, મોઢેશ્વરી મંદિર અને ઊંઝા ઉમિયા ધામ સૌર ઊર્જા સંચાલિતછે. ઉત્તર ગુજરાતના આ ૫ યાત્રાધામો ૩૯૮ કિલોવોટ ક્ષમતાની સોલર રુફટોપ સિસ્ટમ લગાવાઈ છે. સૌર ઉર્જાથી આ યાત્રાધામો દર વર્ષે ૨૧.૬૦ કરોડની વીજ બચત કરે છે. મહેસાણા જિલ્લોએ દેશમાં પ્રથમ સોલર વિલેજના કારણે સમગ્ર વિશ્વમાં નામના મેળવી છે ત્યારે વધુ એક સોલર ક્ષેત્રે સમગ્ર ઉત્તર ગુજરાતે ઝળહળતી સિદ્ધી મેળવી છે. ખુશીની વાત એ છે કે, ગુજરાતના યાત્રાધામ પણ સોલાર સંચાલિત છે. જે બતાવે છે કે, ગુજરાતના યાત્રાધામો પણ કેટલા આધુનિક છે. દેશના પ્રથમ એવા મોઢેરા સોલર વિલેજનું હમણાંજ દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ઉદ્‌ઘાટન કર્યુ. મોઢેરા દેશનું એવું પ્રથમ ગામ છે કે જ્યાં સૂર્ય મંદિર સાથે આખું ગામ સૌર ઊર્જા ઉત્પન્ન કરી વીજ પુરવઠાની બચત કરી હાલની વીજળીની અછત વચ્ચે ઉત્તમ ઉદાહરણ આપી રહ્યું છે. ત્યારે આવું જ એક પ્રેરણાદાયી કામ બહુચરાજી મંદિરનું છે. શક્તિપીઠ બહુચરાજી સમગ્ર મંદિર સોલર રુફટોફથી સજ્જ બન્યું છે. મન્દિર પરિસર સૌર ઉર્જાથી સજ્જ થતા સમગ્ર મંદિરના લાઈટબીલ તો બચ્યું છે સાથે સાથે વધારા નું વીજ ઉત્પાદન થતા તેમાંથી આવક પણ થઈ રહીછે. હાલમાં વીજળી ઉત્પન્ન કરવા થતો અઢળક ખર્ચ અને કોલસાની અછત વચ્ચે વીજ કટોકટી સર્જાવાની ઘટનાઓ જોવા મળી રહી છે ત્યારે કુદરતની દેન એવા સૌર ઊર્જા ના વિકલ્પ થી આ સમસ્યા ચોક્કસથી નિવારી શકાય છે અને તે માટે માત્ર જરૂર છે પહેલની. બસ આજ બાબતે પવિત્ર યાત્રાધામ બહુચરાજી મંદિર ટ્રસ્ટ દ્વારા સોલર રુફટોપ લગાવી બચત સાથે આવક મેળવી અન્ય સામાજિક સંસ્થાઓ તેમજ દેવસ્થાનો માટે પ્રેરણાદાઈ પહેલ પણ કરી છે. હાલમાં મંદિર હસ્તકના બહુચરાજી મંદિર, વલ્લભ ભટ્ટ વાવ, યાંત્રિક ભવન તેમજ ભોજનાલય પર ૧૦૫ કિલો વોટ ધરાવતી સોલર રુફટોપ સિસ્ટમ ઉભી કરી સમગ્ર સંચાલન હાથ ધર્યું છે. અને વર્ષે ૫ થી ૭ લાખ વીજ ખર્ચની બચત પણ થઈ રહી છે. શ્રાવણ માસના પ્રથમ સોમવારે જ શિવાલયો હર હર મહાદેવના નાદથી ગુંજી ઉઠ્યા છે. સોમનાથ, જૂનાગઢ, વડોદરા, રાજકોટ, અમદાવાદ, સુરત



સહિતના સ્થળોએ આવેલા શિવજીના મંદિરોમાં ભકતોનું ઘોડાપૂર ઉમટ્યું છે. ભક્તો વહેલી સવારથી જ મહાદેવના મંદિરે દર્શન માટે ઉમટ્યા. ભક્તો આખા શ્રાવણ માસ દરમિયાન ભગવાન ભોળાનાથની પૂજા અર્ચના કરે છે. તેમને દૂધ અને બિલિપત્ર ચઢાવે છે. લોકો ભગવાન શિવને રિઝવવા શ્રાવણ માસના ઉપવાસ પણ કરે છે. ત્યારે શ્રાવણ માસના સોમવારનો વિશેષ મહત્વ રહેલું છે. શ્રાવણ મહિનામાં આવતા સોમવારે વ્રત કરવાથી ભગવાન શિવ અને માતા પાર્વતી પ્રસન્ન થાય છે અને દરેક મનોકામના પૂર્ણ કરે છે એવું માનવામાંઆવે છે. શ્રાવણ માસમાં ભગવાન શિવ અને પાર્વતીની પૂજા-અર્ચના કરવાથી સુખ, સમૃદ્ધિ અને સૌભાગ્ય વધે છે.

# ઈસરોના અધ્યક્ષે મંત્રી ડો.જિતેન્દ્ર સિંહને બુધવારે ચંદ્ર પર ઉતરાણ માટે ચંદ્રયાન-૩ની સ્થિતિ અને તૈયારી વિશે અપડેટ કર્યા



કમલમ્ ન્યુઝ,

ઈસરો (ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઇઝેશન)ના ચેરમેન અને અવકાશ વિભાગના સચિવ ડો. એસ. સોમનાથે કેન્દ્રીય રાજ્ય મંત્રી (સ્વતંત્ર હવાલો) પ્રધાનમંત્રી કાર્યાલય (પીએમઓ), કાર્મિક, જન ફરિયાદ, પેન્શન, પરમાણુ ઊર્જા અને અંતરિક્ષ રાજ્યમંત્રી વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી ડો. જિતેન્દ્ર સિંહની આજે નવી દિલ્હીમાં મુલાકાત લીધી હતી અને તેમને ૨૩ ઓગસ્ટ ૨૦૨૩નાં રોજ સાંજે નિર્ધારિત ચંદ્ર ઉતરાણ માટે ચંદ્રયાન-૩ની સ્થિતિ અને તૈયારી વિશે જાણકારી આપી હતી. અધ્યક્ષ ઈસરોએ ચંદ્રયાન-૩ની સ્વાસ્થ્ય સ્થિતિ અંગે મંત્રીને જાણકારી આપી હતી અને કહ્યું હતું કે, તમામ વ્યવસ્થાઓ સંપૂર્ણ રીતે કામ કરી રહી છે અને બુધવારે કોઈ આકસ્મિક ઘટનાની અપેક્ષા નથી. આગામી બે દિવસમાં ચંદ્રયાન-૩ના સ્વાસ્થ્ય પર સતત નજર રાખવામાં આવશે. લેન્ડિંગનો અંતિમ ક્રમ બે દિવસ પહેલા લોડ કરવામાં આવશે અને તેનું પરીક્ષણ કરવામાં આવશે, એમ તેમણે જણાવ્યું હતું. ડો. જિતેન્દ્ર સિંહે આ વખતે ચંદ્રયાન-૩નું સોફ્ટ લેન્ડિંગ કરાવવા પર વિશ્વાસ વ્યક્ત કર્યો હતો અને આશા વ્યક્ત કરી હતી કે, તે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના માર્ગદર્શન હેઠળ ગ્રહોના સંશોધનનો નવો ઈતિહાસ લખશે. ઈસરોએ જણાવ્યું હતું કે ચંદ્રયાન-૩ ૨૩ ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ લગભગ ૧૮:૦૪ કલાક ભારતીય સમયાનુસાર ચંદ્ર પર ઉતરવાનું છે. ચંદ્રયાન-૨ મિશન માત્ર આંશિક રીતે જ સફળ રહ્યું હતું કારણ કે લેન્ડરનો સંપર્ક હાર્ડ લેન્ડિંગ બાદ તૂટી ગયો હતો, પરંતુ ઈસરોએ ચંદ્રયાન-૩ લેન્ડર મોડ્યુલ અને હજુ પણ ચંદ્રયાન-૨ ઓર્બિટરની પરિક્રમા કરી રહેલા ચંદ્રયાન-૨ ઓર્બિટર વચ્ચે દ્વિમાર્ગીય સંચાર સફળતાપૂર્વક સ્થાપિત કર્યો હતો. આ પહેલા આજે ઈસરોએ ચંદ્રયાન-૩ દ્વારા કેપ્ચર કરવામાં આવેલા ચંદ્રના દૂરના વિસ્તારની નવી તસવીરો શેર કરી હતી. અમેરિકા, રશિયા અને ચીન બાદ આ સિદ્ધિ મેળવનાર ભારત વિશ્વનો ચોથો દેશ હશે, પરંતુ ભારત દુનિયાનો એકમાત્ર એવો દેશ હશે જે ચંદ્રના દક્ષિણધ્રુવ પર ઉતરશે. ચંદ્રયાન-૩ મિશનનો મુખ્ય ઉદેશ ત્રણ સ્તરમાં છે, (એ) ચંદ્રની સપાટી પર સુરક્ષિત અને સોફ્ટ લેન્ડિંગનું પ્રદર્શન કરવાનો છે. (બી) રોવરને ચંદ્ર પર ફરતા દર્શાવવા માટે, અને (સી) ઈન-સીટુ વૈજ્ઞાનિક પ્રયોગો કરવા માટે. ડૉ. જિતેન્દ્ર સિંહે યાદ કર્યું હતું કે ચંદ્રયાન-૧ નામની શ્રેણીમાં પ્રથમ ચંદ્રયાન-૧ને ચંદ્રની સપાટી પર પાણીની હાજરીની શોધ કરવાનો શ્રેય આપવામાં આવે છે, જે વિશ્વ માટે એક નવો ઘટસ્ફોટ હતો અને અમેરિકાની નાસા (નેશનલ એરોનોટિક્સ એન્ડ સ્પેસ એડમિનિસ્ટ્રેશન) જેવી સૌથી અગ્રણી અવકાશ એજન્સીઓ પણ આ શોધથી મોહિત થઈ ગઈ હતી અને તેમણે તેમના આગળના પ્રયોગો માટે ઈનપુટ્સનો ઉપયોગ કર્યો હતો. ચંદ્રયાન-૩ મિશનને ૧૪ જુલાઈ ૨૦૨૩ના રોજ જીએસએલવી માર્ક ૩ (એલવીએમ ૩) હેવી-લિફ્ટ લોન્ચ વ્હીકલ દ્વારા આંધ્રપ્રદેશના શ્રીહરિકોટાના સતીશ ધવન સ્પેસ સેન્ટરથી બપોરે ૨:૩૫ વાગ્યે લોન્ચ કરવામાં આવ્યું હતું.

# પ્રદેશ ભાજપાના મતદાર ચેતના અભિયાન: ભાજપ દ્વારા ઘર-ઘર સંપર્ક કરાશે

**ગાંધીનગર મહાનગર ભાજપ દ્વારા ૨૫ અને ૨૬ ઓગસ્ટ વિશેષ સંપર્ક અભિયાન થકી મતદાર નોંધણી અને સુધારા અર્થે જનજાગૃતિ કાર્ય કરાશે.- શ્રીમતી દિપીકાબેન સરડવા**



**૨૨,૨૩ અને ૨૪ ઓગસ્ટના રોજ વોર્ડ : કાર્યશાળાનું આયોજન કરી સ્થાનિક કાર્યકર્તાઓને અભિયાનની કાર્યસુચી અંગે માહિતગાર કરાશે.- શ્રીમતી દિપીકાબેન સરડવા**

કમલમ્ ન્યુઝ,

ગાંધીનગર મહાનગર ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલના નેતૃત્વ હેઠળ રાજ્યવ્યાપી આયોજિત ભાજપાના મતદાર ચેતના અભિયાન અંતર્ગત ગાંધીનગર મહાનગર સંગઠનની કાર્યશાળા માટે વક્તા તરીકે પધારેલા પ્રદેશ મહિલા મોરચાના અધ્યક્ષા ડો. દિપીકાબેન સરડવાએ ઈલેક્ટ્રોનિક મીડિયાને સંબોધન કરતા જણાવ્યું હતું કે, આગામી ૨૫ અને ૨૬ ઓગસ્ટે ભાજપાના કાર્યકર્તાઓ ઘર ઘર સંપર્ક કરી નવા મતદારની મહત્તમ નોંધણી થાય તેવો પ્રયાસ કરશે તેમજ મતદાર યાદી સુધારણા અંતર્ગત જન જાગૃતિનું કાર્ય કરશે જેમાં પ્રદેશના હોદેદારોથી લઈને બુથના કાર્યકર્તા સહભાગી થશે. ડો. દિપીકાબેન સરડવાએ વધુમાં જણાવ્યું હતું કે, ૨૨, ૨૩ અને ૨૪ ઓગસ્ટના રોજ વોર્ડ સઃ કાર્યશાળાનું આયોજન કરવામાં આવશે જેમાં સ્થાનિક કાર્યકર્તાઓને અભિયાનની કાર્યસુચી અંગે માહિતગાર કરવામાં આવશે. નાગરિકો મતદાનનું મહત્વ સમજે , નવા વધુમાં વધુ મતદારો નોંધણી કરાવે, નાગરિકો મહત્તમ મતદાન કરે તે દિશામાં જાગૃતિ અર્થે કાર્યકર્તાઓ કાર્ય કરશે. આ તકે પ્રદેશ મંત્રી અને મહાનગરના પ્રભારી નૌકબેન પ્રજાપતિ, ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય રીટાબેન પટેલ, મહામંત્રી કનુભાઈ દેસાઈ ઉપસ્થિત રહ્યા હતાં.

